# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૦૫ | ૫ ઓક્ટોબર, ૨૦૧૬, બુધવાર ; આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# રેપો રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો

## આરબીઆઈ ગવર્નર ઉર્જિતના નેતૃત્વમાં પ્રથમ એમપીસી બેઠક : મોનિટરી પોલિસી કમિટિના તમામ છ સભ્યોએ એક મત થઇને વ્યાજદરમાં ઘટાડો કર્યો : રિવર્સ રેપોરેટને ૫.૭૫ ટકા કરી દેવાયો : સીઆરઆર યથાવત



નવી દિલ્હી, તા.૪

આરબીઆઈએ આજે તેની નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરી હતી. તેની પ્રથમ બેઠકમાં મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) દ્વારા પોલિસી રેટમાં અથવા તો રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ ૬.૫૦ ટકાથી ઘટીને ૬.૨૫ ટકા થઇ ગયો હતો. પોલિસી રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યા બાદ કારોબારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. આરબીઆઈની ચોથી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા આજે જારી કરી હતી. જો કે, ચોથી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે ગવર્નર તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ ઉર્જિત પટેલે પ્રથમ મોનિટરી પોલિસી સમીક્ષા જારી કરી હતી. વર્તમાન મૂલ્યાંકનના આધાર પર એમપીસી દ્વારા પોલિસી રેપોરેટમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો હતો. તાત્કાલિક અમલ સાથે આ ઘટાડો કરવામાં આવ્યો હતો. લિક્વિડીટી એડજસ્ટમેન્ટ ફેસિલીટી (એલએએફ) હેઠળ પોલિસી રેપોરેટમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે. બીજી બાજુ રિવર્સ રેપોરેટમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, મોનિટરી પોલિસી કમિટિના તમામ છ

● અનુસંધાન પાન-૭ પર

## હોમ લોનના ઈએમઆઈ હજુ વધુ સસ્તા થઈ શકે

નવી દિલ્હી, તા.૪

ગ્રોથ રેટમાં કમીના આંકડા વચ્ચે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરી દીધો હતો. અલબત્ત આરબીઆઈ ગવર્નર ઉર્જિત પટેલે કેશરિઝર્વ રેસિયોમાં કોઇ ફેરફાર કર્યો નથી. રેપોરેટ ઘટાડી દેવામાં આવ્યા બાદ હોમલોનના ઈમઆઈ સસ્તા થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આરબીઆઈએ રેપોરેટ ૬.૫૦ ટકાથી ઘટાડીને ૬.૨૫ ટકા કરી દીધા બાદ બેંક પોતાના લોન દરમાં કેટલો ઘટાડો કરે છે તે બાબત મહત્વપૂર્ણ છે. જાન્યુઆરી ૨૦૧૫થી હજુ સુધી આરબીઆઈએ રેપોરેટમાં ૧.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે પરંતુ બેંકોએ પોતાના વ્યાજદરમાં ૦.૫૦ ટકાનો ઘટાડો કર્યો છે. રેપોરેટ એ દર છે જેના આધાર પર બેંક આરબીઆઈ પાસેથી લોન મેળવે છે.

## પોકમાં કાર્યવાહીને લઈને દેશમાં રાજનીતિ શરૂ થઈ

નવી દિલ્હી, તા.૪

ભારતીય સેનાની સર્જીકલ સ્ટ્રાઈકને લઈને રાજનીતિ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈકની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉઠાવ્યા છે અને મોદી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા છે. મુંબઈ કોંગ્રેસના પ્રમુખ સંજય નિરુપમે સર્જીકલ સ્ટ્રાઈક ઉપર પ્રશ્નો ઉઠાવીને કહ્યું છે કે, સમગ્ર દુનિયા પ્રશ્ન કરી રહી છે જેથી આના નક્કર પુરાવા આપવા જોઈએ. ભારતીય જનતા પાકિસ્તાનની સામે સર્જીકલ સ્ટ્રાઈક ઈચ્છે છે પરંતુ બનાવટી નહીં.

# સરહદ નજીક માનવરહિત વિમાન દેખાયું

## પાકિસ્તાની સેનાના વિમાન હોઈ શકે તેવી શંકા : બીએસએફે શંકા વ્યક્ત કર્યા બાદ વધુ તકેદારી : ભારતીય સેનાની તૈયારીની માહિતી મેળવવા પાકના પ્રયાસો જારી

નવીદિલ્હી,તા. ૪

ઉરી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ ઉપર જોરદાર તંગદિલી જોવા મળી રહી છે. આ દરમિયાન બીએસએફે આજે કહ્યું હતું કે, થોડાક સમય પહેલા સરહદની નજીક માનવ રહિત વિમાન જોવા મળ્યા છે. બીએસએફે આશંકા વ્યક્ત કરી છે કે, પાકિસ્તાની સેના તરફથી કદાચ ટોહી વિમાન આ બાજુ આવ્યા હશે જે ભારતીય સેનાને તૈયારીઓ ઉપર નજર રાખવા માટે આવ્યા હોવાની શંકા દેખાઈ રહી છે. બીએસએફે કહ્યું છે કે, ભારતીય સેના તરફથી કરવામાં આવેલી સર્જીકલ સ્ટ્રાઈક બાદ વેસ્ટર્ન ફ્રન્ટ ઉપર વિસ્ફોટક સ્થિતિ બનેલી છે. બીએસએફના મહાનિદેશક કેકે શર્માએ માહિતી આપતા કહ્યું છે કે, સંપૂર્ણ સુરક્ષાને વધારવાના ઉપાય હેઠળ બાંગ્લાદેશની સાથે આવનાર પૂર્વીય મોરચા ઉપર પણ સુરક્ષા મજબૂત

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં બસપા કોઈ જોડાણ નહિ કરે

## અખિલેશના વિચાર સાથે માયાવતી સહમત નથી : બિહારમાં લાલુ- નિતીશના સફળ પ્રયોગ બાદ ભાજપને ઉત્તરપ્રદેશમાં રોકવા માટેની દરખાસ્તથી માયા અસંતુષ્ટ



લખનૌ,તા. ૪

ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને બહુજન સમાજ પાર્ટીના નેતા માયાવતીએ વર્ષ ૨૦૧૭માં યોજાનાર ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં બિહારની જેમ જ મહાગઠબંધન રચીને ભાજપને રોકવા માટેની મુખ્યપ્રધાન અખિલેશ યાદવની દરખાસ્ત અને યોજનાને સ્પષ્ટરીતે ફગાવી દીધી છે. હાલમાં જ અખિલેશ યાદવે બિહારની જેમ જ ઉત્તરપ્રદેશમાં પણ મહાગઠબંધનની રચના કરવાની વાત કરી હતી. જેથી એવી અટકળો શરૂ થઈ ગઈ હતી. કે ઉત્તરપ્રદેશમાં તમામ પ્રાદેશિક પક્ષો એક થઈને મેદાનમાં આવી શકે છે. માયાવતી

● અનુસંધાન પાન-૭ પર







વાયબ્રન્ટ ગુજરાત - આગામી વાયબ્રન્ટ ગુજરાત સમીટની તૈયારીઓના ભાગરૂપે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્ત્વમાં ટીમ ગુજરાતે પ્રધાનમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું. વાયબ્રન્ટ ગુજરાતના આગામી સમીટ માટે કરાયેલી તૈયારીઓની રજૂઆત કરાઈ હતી અને બાકી કામગીરી માટે માર્ગદર્શન મેળવ્યું હતું.

# વડાપ્રધાન પોકમાં હુમલાઓ કરનારા કમાન્ડોને મળશે

## અંગત રીતે મળીને અભિનંદન આપવા તૈયાર : વ્યસ્ત કાર્યક્રમની વચ્ચે દિલ્હીમાં કમાન્ડોને મળવા માટે મોદી ઇચ્છુક

નવી દિલ્હી, તા.૪

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સર્જીકલ હુમલા કરીને ત્રાસવાદીઓના અડ્ડાઓ ફૂંકી મારનાર ભારતીય સેનાના કમાન્ડો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાતચીત કરી શકે છે. મોદી એ ટીમના કમાન્ડોને મળવાની યોજના ધરાવે છે જે કમાન્ડો દ્વારા લશ્કરી ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

સૂત્રોએ કહ્યું છે કે, થોડાક દિવસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અન્ય કાર્યક્રમો વચ્ચે સમય કાઢીને કમાન્ડોને મળવાની યોજના તૈયાર કરી લીધી છે. નવી દિલ્હીમાં કમાન્ડો સાથે આ વાતચીત થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદી હજુ સુધી સર્જીકલ સ્ટ્રાઈકને લઈને કોઈ વાત કરી રહ્યા નથી.

ગયા વર્ષે ભારત-મ્યાનમાર સરહદ ઉપર ત્રાસવાદી કેમ્પ ઉપર હુમલા કરનાર કમાન્ડો સાથે પણ મોદીએ વાતચીત કરી હતી અને તેમને અંગતરીતે અભિનંદન આપ્યા હતા. ૨૧ પેરા સ્પેશિયલ ફોર્સની સાથે મોદીએ વાતચીત કરી હતી.


રેલ્વે / Air / 2 x 2 બસ દ્વારા LTC પ્રવાસો
ગુજરાતી-પંજાબી-ચાઈનીઝ-કાઠીયાવાડી ભોજન
બુકીંગ કરાવો રેલ્વે ટીકીટ ફ્રી
કેરાલા મુન્નાર-થેકડી | દ. ભારત ઉટી-કોડાઈ | સ્પે. વૈષ્ણોદેવી પટનીટોપ-અમૃતસર
હિમાચલ સિમલા-મનાલી-અમૃતસર | નૈનીતાલ મસુરી-કોર્બેટ | નેપાળ પોંખરા-ચિતવન
દાર્જીલીંગ લાચુંગ-પેલીંગ | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | આસામ શિલોંગ-કાઝીરંગા
આંદામાન નિકોબાર-હેવલોક | ગો.ગોવા સ્લીપર કોચ દ્વારા • દિ-૬ | ગોવા મહાબળેશ્વર-લોનાવાલા
પંચમઢી કાન્હા-જબલપુર | રાજસ્થાન જોધપુર-જેસલમેર | અક્ષરધામ-હરિદ્વાર મથુરા-આગ્રા
ટ્રીપ હોલીડેઝ 96241 76666 96242 76666

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧








